Sabarmati Riverfront
Reconnecting Ahmedabad to its River

AHMEDABAD INTERNATIONAL
FLOWERSHOW
2025

# અમદાવાદ ઈન્ટરનેશનલ
# ફ્લાવર શો ૨૦૨૫





ભારતીય સંસ્કૃતિની અને પ્રકૃતિની સુંદરતાનો સંગમ એટલે અમદાવાદ ખાતે આયોજિત વિશ્વકક્ષાનો ફ્લાવર શો! આ વાર્ષિક રંગોત્સવમાં ભારતભરમાંથી પ્રકૃતિ અને સંસ્કૃતિ પ્રેમીઓ મુલાકાત લે છે એટલું જ નહીં પરંતુ અગણિત યાદો સાથે લઈને જાય છે. કારણ કે ફૂલોની ફોરમ અને રંગોને માનવીય કલાકારીગીરીથી સજ્જ છે. અહીંયા મુલાકાતી મંત્રમુગ્ધ ન થાય તો જ નવાઈ.

આ ફ્લાવર શો એક સુશોભન પ્રદર્શન સુધીની તક સીમિત ન રાખતા, પર્યાવરણીય જાગૃતિ અને સસ્ટેનીબીલિટી અંગે પણ ખુબ જ કારગર સાબીત થાય છે. અમદાવાદ શહેર જૈવવિવિધતા અને ઇકોફ્રેન્ડલી સિસ્ટમને વધુ મજબૂત કરવા માટે પણ પ્રતિબદ્ધ છે.

આ સિવાય જે પણ નાગરિકો પર્યાવરણ અંગે જાગૃત છે અથવા જાગૃતિ ફેલાવે છે તેમને આ ફ્લાવર શોમાં ભાગીદાર બનાવીને પ્રોત્સાહન પણ પૂરૂ પાડવામાં આવે છે.

પરિણામ સ્વરૂપે ફ્લાવર શો ફક્ત એક ફ્લાવર શો પૂરતો સિમિત ન રહેતા બહુહેતુક પ્રોજેક્ટ બની ગયો છે. અહીંયા સંસ્કૃતિની ગાથા છે સાથે સાથે પ્રકૃતિનુ સંવર્ધન છે. ફ્લાવર શોમાં હરિયાળા ભારતનું બીજ રોપવામાં આવ્યું છે તેમજ ભવિષ્યને પણ હરિયાળુ બનાવવાનો એક ઉત્કૃષ્ટ પ્રયાસ છે.

વર્ષ ૨૦૨૪ના ફ્લાવર શો માં અંદાજિત **૨૦ લાખથી વધુ** લોકો એ મુલાકાત લીધી હતી, આ વર્ષના આયોજનને ધ્યાનમાં રાખતા તેનાથી વધારે લોકો મુલાકાત લેશે એવું અપેક્ષિત છે. ગત વર્ષ ફ્લાવર શો એ ૪૦૦ મિટર લાંબી ફ્લાવર વોલ થકી **ગિનિસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ**માં સ્થાન મેળવ્યું.










## અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શો 2025
## 6 ભાગોમાં વહેંચાયેલો છે, જેની વિગતો અને ખાસીયતો નીચે દર્શાવેલ છે.

| કુલ ફૂલ | કુલ પ્રજાતી | સ્કલ્પચર |
|---|---|---|
| 10 લાખથી વધુ | 50થી વધુ | 30થી વધુ |

### ઝોન 1 દેશની વૃદ્ધિ અને વિકાસ

આ ઝોનમાં ભારતની આર્થિક વૃદ્ધિ, વિકાસ અને હરિયાળા ભવિષ્યને વિભિન્ન પ્રતિમાઓ દ્વારા સિમ્બોલિક રીતે દર્શાવવામાં આવ્યું છે.
હાથી, કમળ, વાઇબ્રન્ટ આર્ચીસ, કેનોપી ક્લસ્ટર, કોણાર્ક ચક્ર, સુ-શાસનના 23 વર્ષ, ફાઈટિંગ બુલ્સ અને બાળકો માટે આકર્ષણો આ ઝોનને વધુ સુંદર બનાવે છે.

### ઝોન 2 સર્વ સમાવેશીપણું અને સસ્ટેનીબીલિટી

ભારતની વિવિધતામાં એકતાના ભાવને તેમજ વિવિધતા સાથે સસ્ટેનીબીલિટીને પ્રદર્શિત કરતા વિભિન્ન પ્રદર્શનોની સુંદર રજૂઆત કરવામાં આવી છે.
વાઘ, મોર, ગ્રેટર ફ્લેમિંગો, કહારી ઊંટ, એશિયાટિક સિંહ અને કેન્યોન વોલ આ ઝોનના આકર્ષણનું કેન્દ્ર છે.

### ઝોન 3 સસ્ટેનેબલ ભવિષ્ય તરફની પહેલ...

ભારત આજે ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જ જેવી વૈશ્વિક સમસ્યાના નિવારણમાં સમગ્ર વિશ્વને નેતૃત્વ પ્રદાન કરી રહ્યું છે ત્યારે તેનું પ્રદર્શન આ ઝોનમાં કરવામાં આવ્યું છે.
બટરફ્લાય, સીગલ ( Seagull ), મરમેઇડ ( Mermaid ), અને ફ્લાવર ફોલ વોલ્સ આ ઝોનને વિશિષ્ટ બનાવે છે.

### ઝોન 4 સંસ્કૃતિ અને વારસો

ભારતની સમૃદ્ધ સંસ્કૃતિ અને ઐતિહાસિક વારસાનુ સુંદર પ્રદર્શન તેમજ તેમાં ભારતના યોગદાનની વિશિષ્ટ ઝાંખીઓ
બૃહદીશ્વર મંદિર, નંદી, માનસ્તંભ, યુનેસ્કો ગ્લોબ, અને ગરબા:આપણાં સ્વર્ણિમ ઇતિહાસ અને સંસ્કૃતિની પ્રતિકૃતિ કરાવે છે.

### ઝોન 5 ફ્લાવર વેલી

ભારતની પ્રાકૃતિક સુંદરતાને પ્રદર્શન કરતો ઝોન
હોર્નબિલ અને ફ્લાવર વેલી આના વિશેષ આકર્ષણ છે.

### ઝોન 6 ભવિષ્યનો માર્ગ

ભારત આજે વિશ્વગુરુ બનવા તરફ અગ્રેસર છે, ત્યારે જન જનની આકાંક્ષાઓને પૂર્ણ કરવા માટે તેમજ વિશ્વનુ નેતૃત્વ કરવા માટે ભારત તૈયાર છે. એવી આશાઓ જગવતું પ્રદર્શન.
ઓલિમ્પિક 2036 ની યજમાની, ગાંધીજીના ત્રણ વાંદરા, વસુધૈવ કુટુંબકમ – ધ યુનિટી બ્લોસમ, મિશન થ્રી મિલિયન ટ્રીઝ (એક પેડ મા કે નામ , ઉજ્જવળ ભવિષ્ય તરફ ઉજ્જવળ ભારતની ભ્રાંતિ કરાવે છે.



ગત વર્ષના આદરણીય પ્રધાનમંત્રી શ્રીની મુલાકાત દરમ્યાન તેમણે સૂચવેલા સૂચનોને ધ્યાનમાં રાખી ને આ વર્ષે જનભાગીદારીનો વિચાર અમલમાં મૂકવામાં આવેલ. જેના પરિણામ સ્વરૂપ ઘણા સ્વતંત્ર કોર્પોરેટ અને સરકારી એકમો આ ફ્લાવર શો માં ભાગીદાર બનેલ છે.

આ વર્ષે ખાસ રૂપે **ઓડિઓ ગાઇડ** બનાવવામાં આવેલ છે. ફ્લાવર શો માં વિવિધ સ્થળ પર કયુઆર કોડ સ્કેન કરી ફૂલ, સ્કલ્પચર અને ઝોન વિષેની માહિતી મેળવી શકાશે.







આ વર્ષે ખાસ સ્વરૂપે સોવેનિયર શોપ રાખવામાં આવેલ છે જે આવનાર મુલાકાતીઓને એક સુંદર ભેટ સાથે લઈ જવાની તક સાંપડે છે તદઉપરાંત આ વર્ષે પણ દર વર્ષની જેમ નર્સરી, અન્ય અને ફૂડ સ્ટોલ મુલાકાતીઓના આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.



Sabarmati Riverfront
Reconnecting Ahmedabad to its River

AHMEDABAD INTERNATIONAL
FLOWERSHOW
2025